# વિષય- ૫૦૯

# ઉચ્ચતર પ્રાથમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનનું અધ્યયન

**કુલ ગુણ- ૩૦**

## સ્વાધ્યાય કાર્ય-૧

**નોંધ- નીચેના પ્રશ્નોના ઉત્તર ૫૦૦ શબ્દોમાં આપો.**

૧. *સામાજિક અધ્યયન અને સામાજિક વિજ્ઞાનની સંકલ્પના વચ્ચેના સંબંધનું વર્ણન કરો. પરિવર્તન પામતા સામાજિક સ્વરૂપના સંદર્ભમાં સામાજિક વિજ્ઞાનના ભારતીય પરિપ્રેક્ષ્યની ચર્ચા કરો.* (૦૫)

**અથવા.**

*ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં સમાવેશક મૂલ્યો અને આદર્શોની ચર્ચા કરો. સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમ માટે રાષ્ટ્રીય એકતા અને આંતરરાષ્ટ્રીય સમાજના ફલિતાર્થો શું છે?* (૦૫)

૨. *ઉચ્ચ પ્રાથમિક શાળા કક્ષાના અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમની સ્થિતિનું વર્ણન કરો. સામાજિક વિજ્ઞાન અંતર્ગત આવતા વિષયોની યાદી બનાવો.* (૦૫)

**અથવા**

*ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં ઈતિહાસનું મહત્ત્વ સમજાવો. અર્થપૂર્ણ અધ્યયન માટે તમારા વિદ્યાર્થીઓને ઈતિહાસ શીખવવા તમે કઈ પદ્ધતિનો ઉપયોગ કરો છો? ચર્ચા કરો.* (૦૫)

## સત્રીય કાર્ય- ૨

**નોંધ- નીચેના પ્રશ્નોના ઉત્તર ૫૦૦ શબ્દોમાં આપો.**

૧. *ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનના અભ્યાક્રમમાં ભૂગોળશિક્ષણની જરૂરિયાતની ચર્ચા કરો. ધોરણ- ૬ થી ૮ ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાંથી તમારી પસંદગીનો ભૂગોળ વિષયનો પાઠ પસંદ કરી પાઠ આયોજન તૈયાર કરો.* (૦૫)

**અથવા**

*ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાન અને રાજકીય જીવનના વિષયવસ્તુનાં ક્ષેત્રો કયાં છે? તેના અધ્યયન માટેના શિક્ષણ સિદ્ધાંતોની ચર્ચા કરો.* (૦૫)

૨. *સામાજિક- સાંસ્કૃતિક વૈવિધ્ય (ધાર્મિક અને ભાષા સહિત) ના આધારે તમારા વિદ્યાર્થીની પ્રોફાઈલ તૈયાર કરો. તેના માટે અધ્યયનની પ્રવૃત્તિઓ તૈયાર કરો.* (૦૫)

*અથવા*

*તમારા વર્ગને વિદ્યાર્થીકેન્દ્રી બનાવવા માટે કેટલીક (ઓછામાં ઓછી ૫ ) પ્રવૃત્તિઓ સામાજિક વિજ્ઞાન શીખવવા માટે તૈયાર કરો.* (૦૫)

**સત્રીય કાર્ય- ૩**

**નોંધ- નીચેના પ્રશ્નોના ઉત્તર ૧૦૦૦ શબ્દોમાં આપો.**

૧. *ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન શીખવવા માટે શિક્ષણ સંસાધનોની અવશ્યકતા શી છે? તમારી શાળામાં સામાજિક વિજ્ઞાનનું અધ્યયન સંસાધન કેન્દ્ર બનાવવા માટે એક યોજના તૈયાર કરો.* (૧૦)

**અથવા**

*સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (CCE) ની સંકલ્પના સ્પષ્ટ કરો. સામાજિક વિજ્ઞાનમાં તમે તમારા વિદ્યાર્થી માટે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનનો ઉપયોગ કેવી રીતે કરો છો? તમારા અનુભવો પર આધારિત ઉદાહરણો લઈ સ્પષ્ટ કરો.* (૧૦)